**The Court of Additional Chief Judicial Magistrate, Nakhatrana-kutch.**

**CC.NO.1175-2023**

| | |
|---|---|
| **આંક** | |
| **દાખલ તારીખ** | ૧૯/૦૭/૨૦૨૩ |
| **રજીસ્ટર તારીખ** | ૧૯/૦૭/૨૦૨૩ |
| **નિકાલ તારીખ** | ૨૨/૦૪/૨૦૨૬ |
| **સમયગાળો** | દિવસ: માસ: વર્ષ |

**(નમૂનો–અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૨૨/૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૧૭૫/૨૦૨૩** |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. | **પ.કચ્છ નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૩૬૧/૨૦૨૧** |
| ગુન્હો | **ઈ.પી.કો કલમ : ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ** |
| ફરિયાદી | **હુસેન સાલેમામદ લુહાર** |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | **એન.જે.પુજારા** |
| આરોપી | **(૧) જવેરીલાલ પરબતભાઇ કેસરાણી**<br>ઉ.વ.પ૧,<br>રહે. હોસ્પિટલ રોડ ભુજ મુળ રહે.કૈલાસનગર નખત્રાણા–કચ્છ. |
| આરોપીના વિ. વકીલશ્રી | **એ.આર.લીંબાણી** |

**(નમૂનો–બ)**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | **૨૨/૦૪/૨૦૨૧** |
| ફરિયાદની તારીખ | **૨૩/૦૪/૨૦૨૧** |
| ચાર્જશીટની તારીખ | **૧૯/૦૭/૨૦૨૩** |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | **૧૨/૦૬/૨૦૨૪** |
| પુરાવો શરૂ થયાની તારીખ | **૧૫/૦૭/૨૦૨૪** |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | **૦૧/૦૪/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૨૨/૦૪/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | |

## –:: આરોપીની વિગત ::–

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાના દિવસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **જવેરીલાલ પરબતભાઇ કેસરાણી** | ૨૪–૦૪–૨૦૨૧ | ૨૪–૦૪–૨૦૨૧ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |

**(નમૂનો–ક)**
**ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ**
**(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો :**

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| **૧** | ૫ | હુસેન સાલેમહમદ લુહાર | ફરીયાદી |
| **૨** | ૧૦ | ઈસ્માઇલ આમદ લુહાર | સાહેદ |
| **૩** | ૧૧ | અફસાના હુસેનસાલેમામદ લુહાર | સાહેદ |
| **૪** | ૧૮ | મંગાભાઇ લધાભાઇ મારવાડા | પંચ–સાહેદ |
| **૫** | ૨૦ | આશાભાઇ અભુભાઇ રબારી | પંચ–સાહેદ |
| **૬** | ૩૯ | અબ્દુલસતાર સાલેમામદ લુહાર | સાહેદ |
| **૭** | ૪૦ | રૂદ્રસિંહ પ્રભાતસિંહ જાડેજા | ત.ક.અ. |

**ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :–**
**(બી) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| **૧** | ૬ | અસલ ફરિયાદ |
| **૨** | ૧૯ | સ્થાનિક જગ્યાનું પંચનામુ |
| **૩** | ૪૧ | જાણવા જોગનો ઉતારો |
| **૪** | ૪૨ | ડ્રાઈવીંગ લાયસન્સની નકલ |
| **૫** | ૪૩ | આર.સી.બુકની નકલ |
| **૬** | ૪૪ | વીમા પોલીસીની નકલ |

## -:: ચૂ કા દો ::-

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૨/૦૪/૨૦૨૧ ના કલાક આશરે ૧૮:૩૦ થી ૧૬:૧૫ વાગ્યાના અરસામાં પોતાના કબ્જાની ટોયોટો અલ્ટીસ કાર રજી.નં.જી.જે.૧૨.એ.કે.૫૫૩૭ વાળીના ચાલક જવેરીલાલ પરબતભાઇ કેસરાણી મુળ રહે.કૈલાસનગર નખત્રાણા હાલ રહે.હોસ્પિટલ રોડ ભુજ વાળાએ પોતાની ઉપરોકત નંબરની કાર બેદરકારી અને ગફલત ભરી રીતે ફુલ સ્પીડમાં ચલાવી રોડ પરથી પસાર થઈ રહેલ ફરીયાદીના દિકરા આશીફ ઉ.વ.૧૬ વાળાને ટકકર મારી એકસીડન્ટ કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા બન્ને હાથ તથા બન્ને પગ તેમજ ખંભાના ભાગે ફેકચર જેવી ગંભીર પ્રકારની ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નીપજેલ હોઇ અને આ કામેના આરોપીએ બેદરકારીઅ ને ગફલત ભરી રીતે ફુલ સ્પીડમાં કાર ચલાવી આ અકસ્માત કરી ગુનો કરેલ હોઈ લાગતા વળગતા સાહેદોના નિવેદન લઈ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો કલમ : ૨૭૯, ૩૩૭,૩૩૮ ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબ ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

(૨) આ કામે આરોપીને ધોરણસર સમન્સ બજી જતા હાજર થતા આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી, આરોપી સામે આંક-૩ થી પ્લી નોંધેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના આરોપનો ઈન્કાર કરેલ છે. જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો -ઉપર નમુના 'ક'માં જણાવ્યા છે તેથી પુન:ઉકિત કરેલી નથી.

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજૂ કરેલ નથી અને આ કામે ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂરો થયાનું પુરશીશથી જાહેર કરેલ છે. ત્યાર બાદ આરોપી સામે પડેલ પુરાવા પરથી આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. વિશેષમાં તેઓ જણાવે છે કે ''તેઓ નિદોર્ષ છે તેઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.'' ત્યાર બાદ આ કામે સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાની

ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૫) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૨/૦૪/૨૦૨૧ થી ના કલાક આશરે ૧૮:૩૦ થી ૧૬:૧૫ વાગ્યાના અરસામાં પોતાના કબ્જાની ટોયોટો અલ્ટીસ કાર રજી.નં.જી.જે.૧૨.એ.કે.૫૫૩૭ વાળીના ચાલક જવેરીલાલ પરબતભાઈ કેસરાણી મુળ રહે.કૈલાસનગર નખત્રાણા હાલ રહે.હોસ્પિટલ રોડ ભુજ વાળાએ પોતાની ઉપરોકત નંબરની કાર બેદરકારી અને ગફલત ભરી રીતે ફુલ સ્પીડમાં ચલાવી રોડ પરથી પસાર થઈ રહેલ ફરીયાદીના દિકરા આશીફ ઉ.વ.૧૬ વાળાને ટકકર મારી એકસીડન્ટ કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા બન્ને હાથ તથા બન્ને પગ તેમજ ખંભાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર પ્રકારની ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નીપજેલ હોઈ અને આ કામેના આરોપીએ બેદરકારી અને ગફલત ભરી રીતે ફુલ સ્પીડમાં કાર ચલાવી આ અકસ્માત કરી ગુનો કરી, આરોપી વિરુધ્ધ ઇ.પી.કો કલમ: ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**(૨) શું હુકમ ?**

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં.**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.**

## -:: નિર્ણય માટેના કારણો ::-

**<u>મુદ્દા નંબર ૧.</u>**

(૭) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૫ થી ફરીયાદી હુસેન સાલેમામદ લુહારને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,આ કામે ગુજરનાર તેઓના પુત્ર થાય છે. બનાવ તા.૨૧/૪/૨૧ ના રોજ બનેલ. બનાવ સમયે તેઓનો દિકરો આશીફ તેઓની સાળી જરીનાબેન લુહારના ઘરે

ધાવડા મુકામે ગયેલ હતો. તે સમયે તેઓને ઈબ્રાહીમે ફોન પર જાણ કરેલ કે આશીફનું ધાવડા બસ સ્ટેશન પાસે અકસ્માત થયેલ છે અને આશીફને માથામા લાગેલ છે અને તેને ૧૦૮ મા ભુજ મધ્યે લઈ ગયેલ છે તેવી વાત કરતા તેઓ મોટા રેહાથી તેઓના ભાઈ અબ્દુલ સતાર સાથે ભુજ જી કે જનરલ હોસ્પીટલ ગયેલ અને ત્યા ઈબ્રાહીમે તેઓને જણાવેલ કે આશીક રોડ ક્રોસ કરતો હતો ત્યારે એક ફોરવ્હીલર કાર નં. જી.જે.૧૨.એ.કે ૫૫૩૭ વાળા હતા અને તે પુરઝડપે આવતી હતી અને તેણે છોકરા સાથે તે ગાડીએ અકસ્માત કરેલ અને તે ગાડી ડો. કેશરાણી ચલાવતા હતા તેવી તેઓને જાણ કરેલ. તેઓના દિકરાની વધુ સારવાર માટે કચ્છ લાઈફ કેરમાં લઈ ગયેલ અને ત્યાર બાદ અમદાવાદ મુકામે લઈ ગયેલ જયા તેઓના દિકરાનુ અવસાન થયેલ. તેઓના દિકરાને બંને પગે તથા બંને હાથે તથા ખંભાના ભાગે ઈજાઓ થયેલ તેમજ મગજમાં હેમરેજ થઈ ગયેલ.બનાવ સબંધે તેઓએ ફરીયાદ આપેલી, જે ફરીયાદ આંક-૬ થી રજુ છે. આ કામના સાહેદ ઈબ્રાહિમ ઉર્ફે અકીલ ઈસામાઈલ લુહાર તેઓનો ભાણેજ થાય છે અને હાલ તે વિદેશ મધ્યે ધંધા અર્થે ગયેલ છે અને હાલ આવે તેમ નથી.

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી તેથી બનાવની તેઓને જાત માહીતી નથી. ગુજરનાર તેઓનો દીકરો થતો હોય વળતર અંગેનો કેસ કરેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક-૧૦ થી સાહેદ ઈસ્માઈલ આમદ લુહારને તપાસેલ છે. તેઓ પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આ કામના ગુજરનાર તેઓની સાળીનો દિકરો થતો હતો.બનાવ આજથી આશરે ત્રણ એક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓની સાળી તથા તેનો દિકરો તેઓના ઘર આવેલ હતા. બનાવ સમયે તેઓ ધાવડા બસ સ્ટેશન પાસે હતો ત્યારે એક ફોર વ્હિકલે આશીફને ટક્કર મારેલ અને આશીફને માથાના ભાગે લોહી નિકળવા લાગેલ અને ડાબા પગમા ગંભીર ઇજાઓ થયેલ ૧૦૮ એમ્બુલન્સે મારફતે ભુજ જી કે જનરલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલ ત્યાર બાદ કચ્છ લાઈફકેર હોસ્પિટલમા લઈ ગયેલ ત્યાર બાદ અમદાવાદ સારવાર માટે લઈ ગયેલા ત્યા આશીફનુ અવસાન થયેલુ. આ બનાવ સંબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલો આ ફોર વ્હિકલ કાર એક બાળકોના ડોક્ટરની હતી પરંતુ તેના નામની તેઓને ખબર નથી. સદરહુ સાહેદ હોસ્ટાઈલ છે.

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી. તેથી બનાવની તેઓને જાત માહીતી નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ અફસાના હુસેન સાલેમામદ લુહારને તપાસેલ છે. તેઓ પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આ કામના ગુજરનાર તેઓનો પુત્ર થતો હતો.બનાવ આજથી આશરે ત્રણ એક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ઘેર હતા. ત્યારે તેઓના પતિ હુસેનભાઈનો ફોન આવેલ કે ધાવડા બસ સ્ટેશન પાસે આશીફનો એક ફોર વ્હીકલ કાર કે જેના ચાલક ડોક્ટર કેશરાણી હતા તેઓએ અક્સમાત કરેલ છે જેના કારણે આશીફને માથાના ભાગે લોહી નિકળવા લાગેલ અને ડાબા પગમા ગંભીર ઈજાઓ થયેલ ૧૦૮ એમ્બુલન્સે મારફતે ભુજ જી કે જનરલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલ તેવી જાણ કરતા તેઓ ભુજ જી કે જનરલ હોસ્પિટલ ગયેલા અને ત્યાર બાદ આશીફને કચ્છ લાઈફકેર હોસ્પિટલમા લઈ ગયેલ ત્યાર બાદ અમદાવાદ સારવાર માટે લઈ ગયેલા ત્યા આશીફનુ અવસાન થયેલુ. આ બનાવ સંબંધે પોલિસે તેઓનો જવાબ લીધેલો આ ફોર વ્હિકલ કાર એક બાળકોના ડોક્ટરની હતી. ફોર વ્હિલ ચાલક ને તેઓ ઓળખતા નથી. આ કામના સાહેદ ઈબ્રાહીમ ઈસ્માઈલ લુહાર હાલે વિદેશ હોઈ આવી શકે તેમ નથી.સદરહુ સાહેદ હોસ્ટાઈલ છે.

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી તેથી બનાવની તેઓને જાત માહીતી નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક-૧૮થી પંચ-સાહેદ મંગાભાઈ લધાભાઈ મારવાડાને તથા આંક-૨૦ થી પંચ-સાહેદ આશાભાઈ અભુભાઈ રબારીને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસ આશરે અઢી વર્ષ પહેલા બોલાવેલ અને એક તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલી અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. પંચનામાની નકલ તેઓને બતાવવામાં આવે છે. જે પંચનામુ આંક-૧૯ થી રજુ છે. સદરહુ પંચ-સાહેદો હોસ્ટાઈલ છે.

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, પોલીસે તૈયાર પંચનામા તેઓની સહી લીધેલી તે સીવાય તેઓ કાંઈ જાણતા નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક-૩૯ થી સાહેદ અબ્દુલસતાર

સાલેમામદ લુહારને તપાસેલ છે. આ કામના ગુજરનાર તેઓના ભત્રીજા થતા હતા.બનાવ આજથી આશરે ચાર વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ રેહા ગામે હતા ત્યારે તેઓને તેઓના ભાઈ હુસૈનનો ફોન આવેલો અને તેને જાણ કરેલી કે આશીફને ધાવડા બસ સ્ટેશન પાસે હતો ત્યારે એક ફોર વ્હિકલે આશીફને ટક્કર મારેલ અને આશીફને માથાના ભાગે લોહી નિકળવા લાગેલ અને ડાબા પગમા ગંભીર ઈજાઓ થયેલ ૧૦૮ એમ્બુલન્સે મારફતે ભુજ જી કે જનરલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલ ત્યાર બાદ કચ્છ લાઈફકેર હોસ્પિટલમાં લઈ ગયેલ ત્યાર બાદ અમદાવાદ સારવાર માટે લઈ ગયેલા ત્યા આશીફનું અવસાન થયેલુ. આ બનાવ સંબંધે પોલીસે તેઓનો જવાબ લીધેલો પાછળથી તેઓને જાણવા મળેલ કે ફોર વ્હીલ ચાલક ડોકટર જે.પી.કેશરાણી હતા. ફોર વ્હિલ ચાલકને તેઓ જોયેથી ઓળખે છે.સદરહુ સાહેદ હોસ્ટાઈલ છે.

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી.તેથી બનાવની તેઓને જાત માહીતી નથી. તેઓને પાછળથી કોઇના કહેવાથી માલુમ પડેલ કે અકસ્માત કરનાર ફોર વ્હીલના ચાલક ડો.જે.પી.કેશરાણી હતા.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક-૪૦ થી ત.ક.અ. રુદ્રસિંહ પ્રભાતસિંહ જાડેજાને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે, ગત તારીખ ૨૨/૦૪/૨૦૨૧ ના રોજ તેઓ નખત્રાણા મધ્યે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન નખત્રાણા પો.સ્ટે.માં હોસ્પીટલના ડોકટરએ જાણવા જોગ નં. ૧૩૫/૨૧ વાળી દાખલ કરાવેલ જે જાણવા જોગમાં પી.એસ.ઓ.ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.જે આંક-૪૧ થી રજુ છે. જે જાણવા જોગ કામે આગળની તપાસ તેઓને સોંપવામાં આવતા તેઓ આ કામે હુસેન સાલેમામદની ફરીયાદ લીધેલી જે ફરીયાદ નખત્રાણા પો.સ્ટે. ૩૬૧/૨૧ થી નોધાયા બાદ તેઓએ આ કામે આંક -૧૯ વાળી સ્થાનિક જગ્યાનું પંચનામું પંચો રૂબરૂ કરેલ અને તેમા તેઓની સહી તથા પંચોની સહી છે. ત્યારબાદ આ કામે અકસ્માતમાં ઈજાપામનાર નું સારવાર સર્ટીફીકેટ મેળવેલું તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ આરોપીનું ડ્રાઈવીગ લાયન્સ તથા વાહનની આર.સી.બુક, વિમા પોલીસની નકલો મેળવેલી, જે આ કામે રજુ છે જે આંક- ૪૨ ૪૩ ૪૪ થી રજુ છે. ત્યારબાદ તેઓની બદલી થઈ જતા આ કામે આરોપી વિરુધ્ધ હે.કો. વિકેશભાઈ રાઠવાએ

પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલું

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યા હાઇવે રોડ છે. કહેવાતા બનાવવાળી જગ્યાની બાજુમાં ચાની હોટલો તથા પાનની કેબીનો આવેલી છે.

**(૧૩)** ફરીયાદપક્ષે આંક–૪૬ થી સાહેદ આરીફ અબ્દુલ કરીમ લુહારને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,આ કામના ગુજરનાર તેઓના કાકાના દિકરા થતા હતા. બનાવ આજથી આશરે ચાર વર્ષ પહેલા બનેલો બનાવ સમયે તેઓ ભુજ હતા અને તેઓને હુસૈન ભાઇનો ફોન આવેલો અને તેમણે તેઓને જાણ કરેલી કે આશીફ ધાવડા બસ સ્ટેશન પાસે હતો ત્યારે એક ફોર વ્હિકલે આશીફને ટક્કર મારેલ અને આશીફને માથાના ભાગે લોહી નિકળવા લાગેલ અને ડાબા પગમા ગંભીર ઈજાઓ થયેલ ૧૦૮ એમ્બુલન્સે મારફતે ભુજ જી કે જનરલ હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલ તેવી જાણ કરતા તેઓ પણ ત્યા પહોચી ગયેલ અને ત્યાર બાદ કચ્છ લાઇફકેર હોસ્પિટલમા લઇ ગયેલ ત્યાર બાદ અમદાવાદ સારવાર માટે લઇ ગયેલા. ત્યા આશીફનુ અવસાન થયેલુ અને તેની અંતિમવિધિ દાણીલીંમડા મધ્યે કરવામાં આવેલ. આ બનાવ સંબંધે પોલિસે તેઓનો જવાબ લિધેલો પાછળથી તેઓને જાણવા મળેલ કે ફોર વ્હીલ ચાલક ડોકટર જે.પી.કેશરાણી હતા. સદરહું સાહેદ હોસ્ટાઇલ છે.

આરોપીપક્ષે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી.તેથી બનાવની તેઓને જાત માહીતી નથી. તેઓને પાછળથી કોઇના કહેવાથી માલુમ પડેલ કે અકસ્માત કરનાર ફોર વ્હીલના ચાલક ડો.જે.પી.કેશરાણી હતા.એ વાતની તેઓને ખબર નથી કે આશીફને કોરોના થયેલ હતો.

**(૧૪)** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું અવલોકન કરવામાં આવે તો આંક–૫ થી ફરીયાદી હુસેન સાલેમામદ લુહારને તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા, તેઓ જણાવે છે કે, આ કામે ગુજરનાર તેઓના પુત્ર થાય છે. બનાવ તા.૨૧/૪/૨૧ ના રોજ બનેલ. તેઓ જણાવે છે કે, તેઓને બનાવની જાણ ઈબ્રાહીમ ના ફોન આવતા થયેલ. જેમાં તેઓને જણાવેલ કે આશીફનુ ધાવડા બસ સ્ટેશન પાસે અકસ્માત થયેલ છે. આશીક રોડ કોસ કરતો હતો. ત્યારે એક ફોરવ્હીલર કાર નં. જી.જે.૧૨.એ.કે ૫૫૩૭ વાળા હતા અને તે પુરઝડપે આવતી હતી અને તેણે છોકરા સાથે તે ગાડીએ અકસ્માત કરેલ અને તે

ગાડી ડો. કેશરાણી ચલાવતા હતા તેવી તેઓને જાણ કરેલ. તેઓના દિકરાની વધુ સારવાર માટે કચ્છ લાઈફ કેરમાં લઈ ગયેલ અને ત્યાર બાદ અમદાવાદ મુકામે લઈ ગયેલ જયા તેઓના દિકરાનુ અવસાન થયેલ. તેઓના દિકરાને બંને પગે તથા બંને હાથે તથા ખંભાના ભાગે ઈજાઓ થયેલ તેમજ મગજમાં હેમરેજ થઈ ગયેલ.આરોપીપક્ષે ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી તેથી બનાવની તેઓને જાત માહીતી નથી. ગુજરનાર તેઓનો દીકરો થતો હોય વળતર અંગેનો કેસ કરેલ છે. આમ, સદર સાહેદ હિયરસે વીટનેશ છે. આમ, સદર સાહેદે અકસ્માત તેના પુત્રને થયેલાની હકીકત જણાવેલ છે અને અકસ્માત કરનાર ગાડી ડો.કેસરાણી ચલાવતા હોવાની જાણ તેઓને પાછળથી થયેલાનુ ફલીત થાય છે. આંક–૬ થી રજુ કરવામાં આવેલ ફરીયાદમાં પણ હાલના આરોપી વાહન ચલાવતા હોય તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી, તેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.ત્યારબાદ આંક–૧૦ થી સાહેદ ઈસ્માઈલ આમદ લુહારને તપાસેલ છે. તેઓનો પુરાવો વંચાણે લેતા, તેઓ જણાવે છે કે, આ કામના ગુજરનાર તેઓની સાળીનો દિકરો થતો હતો. બનાવ વખતે તેઓ ધાવડા બસ સ્ટેશન પાસે હતા. તે વખતે અકસ્માત થયેલ. તેઓ જણાવે છે કે, અકસ્માત કરનાર ફોર વ્હીકલ કાર એક બાળકોના ડોકટરની હતી. પરંતુ તેના નામની તેઓને ખબર નથી કે તેઓ ફોર વ્હીકલ ચાલકને ઓળખતા નથી. ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી. તેથી બનાવની તેઓને જાત માહીતી નથી.આમ સદર સાહેદની જુબાની ધ્યાને લેતા તેઓએ એ હકીકતો સ્વીકાર કરે છે કે, અકસ્માત કરનાર ફોરવ્હીકલ ચાલકને ઓળખતા ન હોવાનુ જણાવેલ છે. આમ, સદર સાહેદની જુબાની ધ્યાને લેતા હાલના આરોપી વાહન ચલાવતા હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. ત્યાબાદ ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ અફસાના હુસેનસાલેમામદ લુહારને તપાસેલ છે. તેઓનો પુરાવો વંચાણે લેતા, તેઓ જણાવે છે કે, આ કામના ગુજરનાર તેઓના પુત્ર થતા હતા. તેઓને બનાવની જાણ ફોનથી થયેલ હતી. ફોર વ્હીકલ એક બાળકોના ડોકટરની હતી.પરંતુ તેઓ ફોર વ્હીકલ ચાલકને ઓળખતા નથી. ઉલટતપાસમાં તેઓ સ્પષ્ટપણે સ્વીકાર કરે છે કે,બનાવ તેઓએ નજરે જોયેલો નથી.તેથી બનાવની તેઓને જાત માહીતી નથી. આમ, સદર સાહેદ હીયરસે વીટનેશ છે. સદર સાહેદની જુબાનીમાં પણ હાલના આરોપી ગાડી ચલાવતા હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચ–સાહેદ મંગાભાઈ લધાભાઈ મારવાડાને તથા આંક–૨૦ થી પંચ–

સાહેદ આશાભાઈ અભુભાઈ રબારીને તપાસેલ છે.તેઓ જણાવે છે કે, તેઓએ એક તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલી. તે પંચનામુ આંક–૧૯ થી રજુ છે. તે સીવાય તેઓ કાંઇ જાણતા નથી. તેથી આંક–૧૯ નું પંચનામુ પુરવાર માની શકાય નહી.ત્યારબાદ આંક–૩૯ થી સાહેદ અબ્દુલસતાર સાલેમામદ લુહારને તથા આંક–૪૬ થી સાહેદ આરીફ અબ્દુલ કરીમ લુહારને તપાસેલ છે. તેઓનો પુરાવો વંચાણે લેતા, તેઓ જણાવે છે કે, તેઓને બનાવની જાણ હુસેનભાઇનો ફોન આવતા થયેલ.ઉલટતપાસમાં તેઓ સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી. બનાવની તેઓને જાત માહીતી નથી. તેઓને પાછળથી કોઇના કહેવાથી માલુમ પડેલ કે અકસ્માત કરનાર ફોર વ્હીકલના ચાલક ડો.જે.પી.કેશરાણી હતા. આમ,સદર સાહેદે પણ હીયરસે વીટનેશ છે.તેઓએ બનાવ નજરે જોયેલ નથી. અકસ્માત કરનાર વાહનના નંબર જણાવેલ નથી અને અકસ્માત કરનાર ડો.કેસરાણી હતા તેવુ તેમને પાછળથી જાણવા મળેલ તેવુ જણાવેલ છે. આમ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતા હાલના આરોપીની બેજવાબદારી અને બેદરકારી થી બનાવ બનેલ હોય તેવુ પણ ફલીત થતુ નથી.

**(૧૫)** આમ, આરોપી તેનુ વાહન પુરઝડપે અને બેફીકરાઇથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય તેવો ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.જેથી કહેવાતા અકસ્માતમાં હાલના આરોપીની કોઇ બેદકારી કે કસુર હોવાનું ફલીત થતુ નથી. આમ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાથી આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર થતો નથી.

**(૧૬)** જેથી આ કામના આરોપીએ ગઈ તા.૨૨/૦૪/૨૦૨૧ ના કલાક આશરે ૧૮:૩૦ થી ૧૬:૧૫ વાગ્યાના અરસામાં પોતાના કબ્જાની ટોયોટો અલ્ટીસ કાર રજી.નં.જી.જે.૧૨.એ.કે.૫૫૩૭ વાળીના ચાલક જવેરીલાલ પરબતભાઇ કેસરાણી મુળ રહે.કૈલાસનગર નખત્રાણા હાલ રહે.હોસ્પિટલ રોડ ભુજ વાળાએ પોતાની ઉપરોકત નંબરની કાર બેદરકારી અને ગફલત ભરી રીતે ફુલ સ્પીડમાં ચલાવી રોડ પરથી પસાર થઇ રહેલ ફરીયાદીના દિકરા આશીફ ઉ.વ.૧૬ વાળાને ટકકર મારી એકસીડન્ટ કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા બન્ને હાથ તથા બન્ને પગ તેમજ ખંભાના ભાગે ફેકચર જેવી ગંભીર પ્રકારની ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નીપજેલ હોઇ અને આ કામેના આરોપીએ બેદરકારીઅ ને ગફલત ભરી રીતે ફુલ સ્પીડમાં કાર ચલાવી આ અકસ્માત કરી ગુનો  કરી, આરોપી વિરુધ્ધ

ઇ.પી.કો કલમ : ૨૭૯, ૩૩૭,૩૩૮ ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવા હોવા સંબંધે એક વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ, સ્પષ્ટ, પુરતો અને વિશ્ર્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર તેનો લાભ આરોપીને આપવો જોઈએ. તેથી આરોપી ઉપર મુકવામાં આવેલ આરોપ બદલના આવશ્યક તત્વો નિ:શંકપણે સ્પષ્ટ, ચોકકસ અને પુરતા પુરાવાથી પુરવાર થતા ન હોય આરોપી ઉપર મુકાયેલ આરોપ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) ક્રિં.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આ કામના આરોપી **જવેરીલાલ પરબતભાઇ કેસરાણી** ઉ.વ.૫૧, રહે. હોસ્પિટલ રોડ ભુજ મુળ રહે.કૈલાસનગર નખત્રાણા–કચ્છ. નાઓને ઈ.પી.કો કલમ : ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીના જામીન તથા જામીનખત અપીલ સમય પુર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજ તારીખ **<u>૨૨</u>** માહે **<u>એપ્રિલ</u>** સને **<u>૨૦૨૬</u>** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા: ૨૨ /૦૪ /૨૦૨૬.** **( રઘુવિરસિંહ અનીરૂધ્ધસિંહ ઝાલા)**
**નખત્રાણા – કચ્છ.** **એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**નખત્રાણા– કચ્છ.**
**GJ00938**